ધી સુરત મર્કન્ટાઈલ કો.ઓ. બેન્ક લી.

Since 1965

''ઉત્કર્ષ'', મોદી કંપાઉન્ડ લાલ દરવાજા મેઈન રોડ, સુરત. (વહીવટી કચેરી)
ફોન નં.: ૦૨૬૧-૨૫૩૧૭૫૩, ૨૫૩૨૯૩૩, ૨૫૩૯૩૧૦

બેન્ક લાયક જગ્યા બમરોલી વિસ્તારમાં ભાડે/વેચાણથી જોઈએ છે.

બેન્કની બમરોલી શાખા માટે બમરોલી વિસ્તારમાં પ્રાઈમ લોકેશન પર આશરે ૧૫૦૦ થી ૨૦૦૦ સ્કે.ફીટ સંપૂર્ણ બાંધકામ સહિતની ગ્રાઉન્ડ ફ્લોરની જગ્યા ભાડેથી / વેચાણથી જોઈએ છે. ભાડે કે વેચાણથી આપનાર ઈચ્છુકે ઓફર બંધ કવરમાં દિન–૫ માં ઉપરના સરનામે આપવાની રહેશે.

તા. ૨૬/૧૦/૨૦૨૬ ઓફીસર ઈન્ચાર્જ

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે સુરત જીલ્લા નાં ઓલપાડ તાલુકાનાં મોજે ગામ કીમ કઠોદરા ના મુળ રે.સરવે નં. ૫૯, બ્લોક નં. ૧૮ - પૈકી - ૨, ખાતા નં. ૧૮૯ થી નોંધાયેલી હે.આરે ૦-૮૦-૯૪ ચો.મી. બિન ખેતી પ્રિપાત્ર ખેતીની જમીન રેવન્યુ રેકર્ડ ઉપર (૧)ઝુલેખા અબ્દુલ સમદ પટેલ, (૨)ફરીદ સમદ પટેલ, (૩)રૂકસાનાબહેન સમદભાઇ પટેલ નાં નામ ઉપર ચાલી આવેલ છે. તેમણે ઉપરોકત સદરહું જમીન તમામ પ્રકારનાં બોજાઓથી મુકત રીતે અને પ્રત્યક્ષ કબજા ભોગવટા સાથે ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલ વાળી હોવાનુ જણાવી અમારા અસીલ ને વેચાણ આપવાની કબુલાત આપેલ છે અને વેચાણ દસ્તાવેજ કરી આપવાની બાંહેધરી આપી છે. મારા અસીલ કિંમતી અવેજ ચુકવી સદરહું જમીન નો વેચાણ દસ્તાવેજ કરાવી લેવા માંગે છે. સબબ, અમારા અસીલની સુચના ઉપરથી આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે સદરહું જમીન મીલકતમાં કોઇનાં કોઇપણ પ્રકારના લાગ, ભાગ, હકક, હીસ્સો, કબજો, ભોગવટો, સાટો, ગીરો, અધિકાર કે કોઈપણ પ્રકારનું લખાણ કે બેંક યા નાણાંકીય સંસ્થા નો બોજો, લીયન વિગેરે હોય તો જરૂરી દસ્તાવેજી પુરાવા સાથે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭(સાત)માં પુરાવા, વાંધા સાથે લેખીતમાં અમોને અમારા અસીલ વતી જાણ કરવી. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો નોટીસની મુદત વિત્યે કોઇનો કોઇપણ પ્રકારનો લાગ, ભાગ, હકક, હીસ્સો, કબજો, ભોગવટો, સાટો, ગીરો, હિત કે દર દાવો, હિત હિસ્સો રાઇટ યા ટાઇટલ ઇન્ટ્રેસ્ટ નથી અને જો હોય તો તે જતા કર્યા છે, વેવ કરેલ છે. તેમ માની મારા અસીલ સદર જમીન મીલકતનો પુરેપુરો વેચાણ અવેજ ચુકવી વેચાણ દસ્તાવેજ કરી-કરાવી લેશે. ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારે તર-તકરાર, દર દાવો, ફરીયાદ ગ્રાહય રહેશે નહી. તેમજ મારા અસીલની કોઈપણ જવાબદારી રહેશે નહી. જેની લાગતા વળગતાએ ખાસ નોંધ લેવી.

તા. ૨૭/૧૦/૨૦૨૬

૨૦૭, દીપ કમલ-૧,
સરથાણા પ્રાણી સંગ્રહાલયની બાજુમાં,
સરથાણા જકાતનાકા, સુરત-૩૯૫૦૦૬
મો. ૭૫૬૭૮ ૨૫૬૦૦

રોહીત આર કોટડીયા
તે ખરીદનાર ના એડવોકેટ

-: જાહેર નોટીસ :-

ડીસ્ટ્રીકટ સુરત સબ-ડીસ્ટ્રીકટ તાલુકો અબ્રામાનાં મોજે **ગામ : ગોથાણ, નાં સીટી સર્વે નંબર : NA1/p૨** થી નોંધાયેલ બહુહેતુક બીનખેતીની જમીન જેનું કુલ ક્ષેત્રફળ : **૬૫૫૫ ચો.મી. તથા સીટી સર્વે નંબર : NA2/p૨** થી નોંધાયેલ બહુહેતુક બીનખેતીની જમીન જેનું કુલ ક્ષેત્રફળ : **૯૧૧ ચો.મી.** જેનો ટી.પી.નં.૪૬(ગોથાણ) એફ.પી.નં.૧, વાળી જમીન માલીક, કબજેદાર તરીકે **જયસુખભાઇ કાળાભાઇ વેકરીયા,** ના સ્વતંત્ર નામે ચાલી આવેલ છે. અને રેવન્યુ રેકર્ડમાં માલીક અને ધારણકર્તા તરીકે તેઓ ચાલી આવેલા છે. તેઓએ મજકુર જમીનના ટાઇટલ, ચોખ્ખા, કલીયર, માર્કેટેબલ હોવાનુ જણાવીને તેમજ મજકુર જમીનમાં તેઓ સિવાય અન્ય કોઇનો કોઇપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગભાગ ચાલી આવેલ નથી તેવું જણાવીને મજકુર જમીન હમારા અસીલને વેચાણ આપવા માટે નકકી કરેલ છે. જેથી સદરહુ જમીન બાબતે જે કોઇનો વાંધો, હિત, સંબંધ, લાગભાગ, દરદાવો કે ઇઝમેન્ટ તથા અન્ય કોઇપણ રીતે હકક હિસ્સો હોય અથવા તો કોઇ બેંક કે સંસ્થાનું લેણું હોય અગર તો તબદીલી અંગેના કોઇ પણ લખાણો હોય તો તેઓએ નીચેના સરનામે **દિન-૭** માં પુરાવા સહિત લેખિત જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદર જમીનમાં કોઇ વ્યકિત કે સંસ્થાનો કોઇપણ પ્રકારનો હકક, હિસ્સો કે લેણું નથી અને હોય તો તે જતો કરેલો છે તેમ માની હમારા અસીલ મજકુર જમીનનો રજી.વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યાર પછી કોઇપણ વ્યકિત કે સંસ્થાની કોઇપણ જાતની તર-તકરાર ચાલશે નહિ અને તેવી વ્યકિત/ઇસમોને કોઇપણ જાતના હકકો પ્રાપ્ત થશે નહિ, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

૨૧૭, રાજહંસ શોપીંગ, બીજા માળ ઉપર,
બરોડા પ્રીસ્ટેજ, વરાછા રોડ, સુરત–૬.
મો. ૦૯૪૨૬૮–૩૬૩૭૭

એન. બી. સરધારા
તે ઉપરોકત જમીન ખરીદનારનાં એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા સર્વેને જણાવવાનું કે, ડિસ્ટ્રીકટ સુરત સબડિસ્ટ્રીકટ ચોરાસીના મોજે ગામ : ટીમ્બરવા ના ખાતા નંબર : ૩૪૩, સર્વે નંબર : ૩૮, બ્લોક નંબર : ૭૧ થી નોંધાયેલી હે.આરે.ચો.મી. ૦–૫૧–૬૦ યાને ૫૧૬૦–૦૦ ચોરસ મીટર ક્ષેત્રફળ ખેતીની જમીન, કે જેનો આકાર રૂા. ૬–૬૨ પૈસા છે. તે ખેતીની જમીનના માલિકો (૧) રાજેન્દ્રકુમાર નારણભાઈ પટેલ (૨) જીજ્ઞેશભાઈ ધીરુભાઈ સાવલીયા (૩) રૂપેશભાઈ અરવિંદભાઈ સાવલીયા (૪) દકુભાઈ રતીભાઈ દુધાત એ સદરહુ જમીનના તમામ રીતના ટાઈટલ કિલયરન્સ અને માર્કેટેબલ હોવાનું તેમજ સદરહુ જમીનના સંપૂર્ણ અને સ્વતંત્ર માલીક કબજેદાર તરીકે સદરહુ જમીનની તેમને એકલાને હરકોઈ રીતની વહીવટ વ્યવસ્થા કરવાનો હકક અને અધિકાર હોવાનું જણાવી મારા અસીલને તમામ હકકો સહિત વેચાણ આપવા નક્કી કરેલ છે. જેથી સદરહુ જમીનમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જે કોઈ વ્યકિત યા સંસ્થાનો, બેન્ક યા બેન્કીંગ જેવી સંસ્થાનો કોઈ પણ જાતનો લાગ–ભાગ, હકક–હિત–હિસ્સો, સબંધ–હીત–દર–દાવો, હુકમનામું કે ખોરાકી પોશાકીના હકકો કે બોજો કે કબજો હોય કે સદરહુ વેચાણ કરવા સામે કોઈ પણ રીતનો વાંધો યા વિરોધ હોય તો તેમણે લેખીતમાં પુરાવા સહિત દીન–૭ (સાત) માં હમોને જાણ કરવી, મુદત વિત્યે કોઈના કશા પ્રકારના હકક–હિત–હિસ્સા, દર–દાવા, બોજા, સંબંધ કે કબજા નથી અને હોય તો તે છોડી દીધેલા છે, તેમ ગણી મારા અસીલ વ્યવહાર પુર્ણ કરી પાકા રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ સહિતના લખાણો કરાવી લેશે, તે બાદ કોઈની તર–તકરાર ધ્યાને લેવાશે નહી, તેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૨૭/૧૦/૨૦૨૬

સ્વાતિ એ. પટેલ એડવોકેટ

ઓફિસઃ '' વિજયા લક્ષ્મી હાઉસ ', બીજો માળ, પ્રોટોન પ્લસની પાછળ, વિજયા લક્ષ્મી સર્કલ પાસે,
એલ.પી. સવાણી રોડ, અડાજણ, સુરત.-૩૯૫૦૦૯. મો.નંબર :૯૮૨૪૫૬૬૩૩૨

જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રિકટ, સબ–ડિસ્ટ્રિકટ શહેર સુરતના મોજે ઉમરવાડાના રે.સ.નં.૨૫ તથા ૯૩ પૈકી, સીટી સર્વે નોંધ નં.૧૯૯૬, જેનો ટી.પી સ્કીમ નંબર–૮ અને ફા.પ્લોટ નંબર ૧૩૬ પૈકી વિભાગ–૨ તથા ૩ વાળી જમીનો ઉપર આયોજીત " અભિનંદન ટેક્ષટાઈલ માર્કેટ " ના પહેલામાળ ઉપર આવેલ દુકાન નં : ૧૦૮૩ વાળી મિલકત જેનું ક્ષેત્રફળ ૧૫.૮૦ચો.મી. છે તે મિલકત તથા તળની જમીનમાં વણવહેંચાયેલા ૪ ચો.મી.ના હિસ્સા સહિતની તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિતની દરોબસ્ત તે(૧)પારસ ખાંતીલાલ શાહ (૨)પિયુષ પ્રતાપરાય વોરા ની સંયુકત માલિકી કબજા ભોગવટાની ચાલી આવેલી છે. સદરહુ મિલકત અંગે મહેરબાન સુરતના સબ–રજીસ્ટ્રાર (નવાગામ) સાહેબની કચેરીમાં ૧ નંબરની બુકમાં તા.૨૧/૦૭/૨૦૦૮ ના રોજ અનુક્રમ નં.૧૭૨૦૪ થી નોંધાયેલ વેચાણ દસ્તાવેજની રજી.ફી.ભર્યાની અસલ રસીદ ખોવાય ગયેલ છે જે શોધખોળ કરતા મળી આવેલ નથી. સદરહુ મિલકત તેઓએ અમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. તે સંજોગોમાં સદરહુ મિલકત અંગે જો કોઈને પણ કોઈપણ જાતના વાંધા, વિરોધ, અવરોધ, અટકાયત, ચાર્જ, બોજા, લીયન કે દરદાવા વિગેરેના હકકો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૭ માં અમારી ઓફીસના નીચે જણાવ્યા મુજબના સરનામે લેખિતમાં પુરાવા સહીત આવી નોંધાવી જવા. જો મુદત વીત્યે કોઈના કોઈપણ જાતના વાંધાઓ આવશે તો તેવા વાંધાઓ ધ્યાને લેવામાં આવશે નહી, અને અમારા અસીલના નામનો પાકો વેચાણ દસ્તાવેજ કરવામાં આવશે, જેની આથી તમામે નોંધ લેવી.

સરનામુ :૧૦૨, લીલા એપાર્ટમેન્ટ,
દરજીશેરી, નાનપુરા, સુરત–૩૯૫૦૦૧
મો. નં.૮૩૨૦૦–૬૨૫૦૦

સાગર એન. સોલંકી
એડવોકેટ
ખરીદનાર તથા વેચનારની સુચનાથી

વેચાણ અંગેની જાહેર નોટીસ

નીચે જણાવેલ વર્ણન અને વિગતવાળી જમીન તેના માલિક તથા કબજેદાર જયેશકુમાર ધીરૂભાઈ દેસાઈ, રહે.જી–૫૨–ડી, ઉત્તમ વિહાર સોસાયટી, કબીલપોર, નવસારીનાએ તેમની સ્વતંત્ર અને સંપુર્ણ માલિકી તથા પ્રત્યક્ષ કબજા, ભોગવટા, વહીવટ વ્યવસ્થા હેઠળની હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કર્યુ છે, તથા વેચાણ અવેજ પેટે કેટલીક રકમ સ્વીકારી છે, તથા હમારા અસીલ ટુંક સમયમાં પુરેપુરો વેચાણ અવેજ ચુકવી આપી, સ્થળ ઉપર પ્રત્યક્ષ કબજો મેળવી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે.

: મિલ્કતનું વર્ણન :

નવસારી ડીસ્ટ્રીકટ, તાલુકો ચીખલીના, મોજે : રૂમલા ખાતે આવેલી નવા બ્લોક/સર્વે નં. ૨૦૬ તથા જુના બ્લોક/સર્વે નં. ૧૮૫ થી નોંધાયેલી ખેતીની જુની શરતની જમીન, જેનું જરાયતનું ક્ષેત્રફળ હે ૦–આરે ૯૭–ચો.મી. ૫૬ યાને ૯૭૫૬ ચો.મી. છે. જેનો આકાર ૪ રૂા. ૫૦ પૈસા છે. તથા જે જમીન ખાતા નં. ૧૨૬૮ થી નોંધાયેલ છે. તે ખેતીની જમીન તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિતની જમીન. સબબ, આથી જાહેર જનતાને જણાવવાનું કે, સદર મિલ્કત ઉપર કોઈના કોઈપણ જાતના ચાર્જ, બોજો, લીયન યા કોઈપણ જાતના હકક હીત લાગભાગ યા ઈઝમેન્ટ રાઈટસ હોય તો તે અંગેના લેખીત પુરાવા આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૭ માં નીચે જણાવેલ ઠેકાણે રજુ કરવા, જો તેમ કરવામાં કસુર થશે તો સદરહુ જમીન ઉપર કોઈના કોઈપણ જાતના હકકો નથી અને હોય તો તે જતા કર્યા છે તેવું ગણીને સદરહુ મિલ્કતનો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી પ્રત્યક્ષ કબજો હમારા અસીલ મેળવી લેશે. ત્યારબાદ કોઈની કોઈ પણ જાતની તર–તકરાર ચાલશે નહી, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૨૭/૧૦/૨૦૨૬

ચંદ્રસિંહ આઈ. વાંસિયા તથા **રાહુલ આર.પરમાર**
એડવોકેટ એન્ડ નોટરી તે ખરીદનારના એડવોકેટસ
ઓફીસ નં. ૨૧૯, જલ દર્શન ટાવર, બહુમાળી મકાન પાસે, નાનપુરા, સુરત. મો.૯૮૨૫૦૯૧૨૧૯, ૯૬૬૨૫૪૬૪૮૮

ડીસ્ટ્રીકટ નવસારી સબ ડીસ્ટ્રીકટ જલાલપોરના મોજે ગામ આસણામાં આવેલ ખાતા નંબર ૧૮૨ જેના બ્લોક નંબર નવા ૭૩, ૧૪૯, ૨૦૨, ૨૫૦, ૨૬૧, ૨૮૭, ૩૭૮, ૩૮૭, ૪૧૧, અને ૪૧૩ વાળી ખેતીની જમીન બાબતે જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે ડીસ્ટ્રીકટ નવસારી સબ ડીસ્ટ્રીકટ જલાલપોરના મોજે ગામ આસણાના નીચે જણાવેલ જુની શરત વાળી ખેતી લાયક જમીન.

ગામનુ નામ	ખાતા નંબર	બ્લોક રેવન્યુ સર્વે નંબર	ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.	આકાર
આસણા	૧૮૨	૭૩ નવો	૦૦–૧૪–૨૭	૦૩.૨૦
આસણા	૧૮૨	૧૪૯ નવો	૦૦–૧૫–૫૦	૦૩.૨૫
આસણા	૧૮૨	૨૦૨ નવો	૦૦–૭૮–૭૭	૦૮.૩૦
આસણા	૧૮૨	૨૫૦ નવો	૦૦–૯૧–૪૧	૧૦.૮૦
આસણા	૧૮૨	૨૬૧ નવો	૦૦–૨૦–૭૭	૦૪.૯૦
આસણા	૧૮૨	૨૮૭ નવો	૦૦–૪૧–૪૮	૦૪.૫૦
આસણા	૧૮૨	૩૭૮ નવો	૦૨–૩૦–૬૭	૨૯.૩૦
આસણા	૧૮૨	૩૮૭ નવો	૦૦–૮૯–૩૩	૦૭.૫૫
આસણા	૧૮૨	૪૧૧ નવો	૦૦–૧૩–૨૬	૦૧.૬૫
આસણા	૧૮૨	૪૧૩ નવો	૦૦–૧૯–૦૪	૩૯.૫

ઉપરોક્ત ખેતી લાયક જમીનના માલીક શબીર અહમદ મહમદ ઉર્ફે ઈબ્રાહીમ હાસમ વિગેરે નાઓના સંયુક્ત નામ પર ચાલી આવેલ છે અને તેઓ દ્રારા સદરહું ખેતીની જમીન વેચાણ અંગે ઈબ્રાહીમ દાઉદ સીદાતને કુલમુખત્યારનામુ કરી આપેલ છે અને તેમના દ્રારા હમારા અસીલ સાજીદ આદમ અલાદને વેચાણ કરેલ છે. અને તે અંગેનુ લખાણ પણ કરી આપેલ છે અને તે વેચાણ પેટે સદરહું જમીન માલીકો દ્રારા હમારા અસીલ પાસેથી વેચાણ અવેજ પૈકીની વેચાણ રકમ સ્વિકારી દસ્તાવેજ નોંધી આપવાના હોય, જેથી સદરહું જમીનમાં કોઈપણ વ્યક્તિ, ઈસમ, સંસ્થા યા બેંકનો કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો લાગભાગ, દરદવા, કબજો, બોજો, ગીરોખત યા લીયન વિગેરે હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી તેમણે દસ્તાવેજી પુરાવાઓ સહીત દીન–૦૭ માં હમારા નીચે જણાવેલ સરનામે લેખીતમાં જાણ કરવી. જો તેમ કરવામાં ક્સુર થયેથી સદરહું જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો, સંબંધ, દરદાવો નથી અને હોય તો જતો યાને વેઈવ કર્યા છે. તેમ માની આ નોટીસની મુદત વિત્યે હમારા અસીલ સદરહું જમીનના લખાણો તેમજ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈનો કોઈપણ જાતની તર–તકરાર ચાલશે નહી, જે તમામ લાગતા વળગતાઓએ નોંધ લેવી.

હમારા અસીલની સુચના અને ફરમાઈશથી.
હમારી મારફતે

સૌરાષ્ટ્ર સોસાયટી,
નવસારી, ડિ. નવસારી

મહેન્દ્રસિંહ એસ. જાદવ
(M.A.L.L.B) એડવોકેટ

મોજે ગામ : પરથાણના જુનો બ્લોક નં.૧૮૬ રી–સર્વે બાદ નવો બ્લોક નંબર ૨૦૫ વાળી જમીનના વેચાણ અંગેની જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે ડિસ્ટ્રીકટ નવસારી, સબ–ડિસ્ટ્રીકટ નવસારી, મોજે ગામ: પરથાણના જુનો બ્લોક નંબર ૧૮૬, રિ-સર્વે બાદ નવો બ્લોક નંબર ૨૦૫ વાળી જુની શરતની જમીન કે જેનું કુલ ક્ષેત્રફળ ૧૨૫૧૭ ચો.મી. વાળી જમીન (૧) પારસબેન જીતેન્દ્રભાઇ પટેલ, (૨)આકાશ જીતેન્દ્રભાઇ પટેલ તથા (૩)વિધિ જીતેન્દ્રભાઇ પટેલ નાઓએ તેઓની માલીકી કબજા ભોગવટાની અને તદ્દન ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું જણાવીને અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી ઉપરોક્ત જમીનમાં કોઇ પણ વ્યક્તિ કે સંસ્થાનો કોઇપણ પ્રકારના હકક, હિત, હિસ્સો, લાગ ભાગ, દર દાવો, હીત સબંધ, કોઇ બોજો યા ચાર્જ હોય કે ઇઝમેન્ટ કે ગણોતીયાનો, ખેડવાનો, આવવા-જવાના રસ્તાનો વિગેરેના હકક કે અન્ય પ્રકારના સમજૂતી રૂએના હકક, લખાણો, લેણુ કે કલેઇમ હોય કે ખોરાકી પોષાકીના હકક હોય તો તેઓએ જરૂરી કાયદેસરના દસ્તાવેજી પુરાવા સહિત દિન–૭ માં હમારા અસીલ તરફે હમારો સંપર્ક કરવો. ઉપર જણાવેલી મુદત વીત્યેથી કોઇનો કોઇપણ પ્રકારનો વાંધો નથી અથવા જતો કરેલ છે તેમ માની હમારા અસીલ સદરહું જમીન અંગેના કાયદેસરના પાકા લખાણો તેમની તરફેણમાં કરાવી લેશે. ત્યારબાદ કોઇના કોઇ પણ પ્રકારના વાંધા, વિરોધ, અવરોધ, કે અટકાયત ચાલશે નહી અને રદબાતલ ગણાશે તેની આથી જાહેર નોંધ લેવી.

ગીરીશ બી. મોવલીયા (તે ખરીદનારના એડવોકેટ)

ઓફીસ : પાંચમો માળ, ''યુનીકોર્ન એમ્પાયર'',
વસંતભીખા વાડી પાસે, એલ.એચ.રોડ, સુરત મો. ૯૯૧૩૮ ૦૮૦૮૦

મોજે : ભાંડુત, તાલુકો : ઓલપાડ, જીલ્લો : સુરતના બ્લોક નંબર : ૭૪૬/બ થી નોંધાયેલી ખેતીની જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા સર્વેને જણાવવાનું કે, ડિસ્ટ્રીકટ સુરત સબડિસ્ટ્રીકટ યાને તાલુકે ઓલપાડના મોજે ગામ : **ભાંડુતના રેવન્યુ સર્વે નંબર : ૩૮૫/૬, બ્લોક નંબર : ૭૪૬/બ** થી નોંધાયેલી જુની શરતની ખેતીની જમીન કે, જેનું ક્ષેત્રફળ **હે.આરે.ચો.મી. ૦-૬૩-૭૪ યાને ૬૩૭૪-૦૦ ચોરસ મીટર** છે અને જેનો આકાર **રૂા. ૭-૧૨ પૈસા** છે, તે જુની શરતની ખેતીની જમીનના સંપૂર્ણ અને સ્વતંત્ર માલીક કબજેદાર તરીકે **(૧) ભાનુબેન ભગવતીભાઈ ગણપતભાઈની વિધવા (૨) અમિષાબેન ભગવતીભાઈ (૩) હેમાંગીબેન ભગવતીભાઈ (૪) કેયુર ભગવતીભાઈ** નાઓએ તમામ રીતના ટાઈટલ કિલયરન્સ અને માર્કેટેબલ હોવાનું તેમજ સદરહુ જમીનના સંપૂર્ણ અને સંયુક્ત માલીક કબજેદાર તરીકે સદરહુ જમીનની તેઓને એકલાને હરકોઈ રીતની વહીવટ વ્યવસ્થા કરવાનો હકક અને અધિકાર હોવાનું જણાવી મારા અસીલને તમામ હકકો સહીત વેચાણ આપવા નક્કી કરેલ છે. જેથી સદરહુ જમીનમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જે કોઈ વ્યકિત યા સંસ્થાનો, બેન્ક યા બેન્કીંગ જેવી સંસ્થાનો કોઈપણ જાતનો લાગ-ભાગ, હકક-હિત-હિસ્સો, સંબંધ-હીત-દર-દાવો, હુકમનામું કે ખોરાકી-પોષાકીના હકકો કે બોજો કે કબજો હોય કે સદરહુ વેચાણ આપવા સામે કે અન્ય કોઈપણ રીતનો વાંધો યા વિરોધ હોય તો તેમણે લેખીતમાં પુરાવા સહિત **દીન-૭(સાત)** માં હમોને જાણ કરવી. મુદત વિત્યે કોઈના કશા પ્રકારના હકક-હિત-હિસ્સા, દર-દાવા, બોજા, સંબંધ કે કબજા નથી અને હોય તો તે છોડી દીધેલા છે, તેમ ગણી મારા અસીલ કાયદેસરની પ્રક્રિયા પુર્ણ કરી પાકા રજીસ્ટર્ડ લખાણો કરાવી લેશે. તેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા.૨૬.૧૦.૨૦૨૬ ઉપરોકત નોટીસ અસીલની સુચના અને ફરમાઈસથી આપેલ છે.

ઓફિસ : ૨૦૫, રીજન્ટ સ્કવેર,
ડી-માર્ટની ઉપર, અડાજણ, સુરત.
ફોન નંબર : ૯૮૨૫૨-૭૬૫૩૭

રિતેશ ડી. ભંડારી
એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીશ

મોજેઃ હાંસોટ જુનો બ્લોક/સર્વે નં.૨૫૩/૨ પૈકી ૨, નવો બ્લોક/સર્વે નં.૩૭૫ વાળી ખેતીની જમીન અંગે

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે ભરૂચ ડિસ્ટ્રીકટ હાંસોટ સબ ડિસ્ટ્રીકટ મોજે હાંસોટ માં આવેલ જમીન જેનો ખાતા નંબર ૨૪૨, જુનો બ્લોક/સર્વે નં. ૨૫૩/૨ પૈકી ૨ પ્રમોલગેશન બાદ નવો બ્લોક/ સર્વે નં.૩૭૫ જેનુ સુમારે કુલ ક્ષેત્રફળ હે.આરે. ૨-૨૦-૬૮ ચો.મી. જેનો આકાર રૂા.૨૪.૫૦ પૈસા વાળી જુની શરતની ખેતીની જમીનના સંયુકત માલીક **૧. પાર્વતિબેન બાલુ લક્ષ્મણની વિધવા ૨. મહેશકુમાર બાલુભાઈ ૩.હંસાબેન નવીનભાઈ ૪. નિતીશાકુમારી નવીનભાઈ ૫. તેજસકુમાર નવીનભાઈ ૬.કમળાબેન અનિલભાઈ પટેલ ૭. યોગાનંદ અનિલકુમાર પટેલ ૮. જહાનવી અનિલભાઈ પટેલ**નાઓએ મજકુર જમીન પોતાની સંયુકત માલિકી અને ટાઈટલ કલીયર હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે અને ટુંક સમયમાં રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરનાર છે જે સંજોગોમાં આ નોટીસ થકી જણાવવાનું કે ઉપર જણાવેલી મિલકત બાબતે કોઈનો કોઈપણ જાતનો હકક-હિત, હિસ્સો, લાગ-ભાગ, દર-દાવો, મોર્ગેજ, ટાંચ, લખાણ વિગેરે હોય તો તેઓએ દિન-૭ માં દસ્તાવેજી પુરાવાઓ સહિત હમોને લેખીતમાં ખુલાસો કરવો ત્યારબાદ સદરહું મિલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો હકક-હિત, હિસ્સો, કબજો રહેલ નથી તથા તેવા તમામ હક્કો જતા કરેલ યાને વેઈવ થયેલ છે એમ સમજી અમારા અસીલ મુદત વિત્યે વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ કરાવી લેશે પાછળથી કોઈની કોઈપણ જાતની તર-તકરાર, દર-દાવો ચાલશે નહી. જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

(તા. ૨૭/૧૦/૨૦૨૬)

અમારા અસીલની સુચના અને ફરમાઈશ અન્વયે
ઓફિસઃ ૧, આસ્થા એવેન્યુ, હાંથીસા રોડ,
ઓલપાડ, તા. ઓલપાડ, જી. સુરત–૩૯૪૫૪૦.
મો. ૯૭૨૫૧–૪૪૭૪૩

ભાવિક ડી. પટેલ
તે ખરીદનારના એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીક, અડાજણ સબ-ડીસ્ટ્રીક નાં મોજે ગામ જહાંગીરપુરાના રે.સર્વે. નંબર : ૨૪/૩, ૨૪/૧, ૨૬/૪ ૨૬/૫, બ્લોક નં.૩૪/૫, ટી.પી. સ્કીમ નં.૪૫ (જહાંગીરપુરા-પીસાદ), ફા.પ્લોટ નં.૭૩/બી અને ૭૫ પૈકી પુર્વ-દક્ષીણ તરફ આવેલી સબ પ્લોટ નં.૨ વાળી જમીન ઉપર રહેણાંકના હેતુ માટે પાડવામાં આવેલ પ્લોટીંગ જે સન્ડે ગાર્ડન તરીકે ઓળખાય છે.તેમા પાડવામા આવેલા પ્લોટો પૈકી પ્લોટ નંબર :- ૩,૪,૭,૮,૧૧,૧૨,૧૪,૧૫,૧૬,૧૮,૧૯,૨૯,૩૦ વાળા ખુલ્લા પ્લોટ વાળી મિલકતના માલીક **(૧) રાહીલ ધીરૂભાઈ માલવીયા (૨) રાકેશભાઈ નાગજીભાઈ ધોળકીયા** ચાલી આવેલ છે.અને તેઓએ સદરહુ પ્રોજેકટ અંગેનુ રેરા સર્ટીફીકેટ પણ રીઅલ એસ્ટેટ રેગ્યુલેશન ઓથારીટી પાસેથી મેળવેલ છે.તેવું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનુ નક્કી કરી કિંમતી અવેજ સ્વીકારેલ છે. જેથી મજકુર મિલકત સંદર્ભે કોઈનો કોઈપણ જાતનો હક્ક, હિસ્સો, દરદાવો, લાગભાગ, ભરણપોષણ, સાટાખત, કબજા કરાર, ભાડાપટ્ટો, બક્ષીસ,ચાર્જ, ગીરો, બોજો યા લીયન યા ઈઝમેન્ટના હક્કો યા અન્ય કોઈપણ હક્કો કે અધિકારો યા લખાણો હોયતો તે અંગેના લેખીત દસ્તાવેજી પુરાવા સહીત દિન-૭ની મુદતમા હમારા નીચેના સરનામે રજૂ કરી ખાતરી કરાવશો,સબબ ઉપરોકત મુદતમા કોઈના કોઈપણ પ્રકારના વાંધા નહી આવેતો તે અંગે કોઈપણ ઈસમના રાઈટસ,ટાઈટલ,ઈન્ટરેસ્ટ નથી યા હોયતો તે વેવ કરેલા હોવાનુ માની હમારા અસીલ સદર મિલકતના વેચાણ અંગેનો વ્યવહાર પુર્ણ કરી વેચાણ દસ્તાવેજ કરી-કરાવી લેશે અને તે અંગે ભવિષ્યમા કોઈની કોઈપણ પ્રકારની તર- તકરાર ચાલશે નહી.જેની આ જાહેર નોટીસથી સર્વેએ નોંધ લેવી.

ઓફીસ : એફ–૫, રામદેવ કોમ્પલેક્ષ,
પાલનપુર જકાતનાકા પાસે,
અડાજણ, સુરત. મો. ૯૮૭૯૩૪૮૬૦૬

મારી મારફત
અભિષેક એન. મારવી
એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

નવસારી ડીસ્ટ્રીકટ જલાલપોર સબ–ડીસ્ટ્રીકટના મોજે ગામ દાંડીનો જુનો બ્લોક નં.૩૬૧, જેનો નવો બ્લોક નં.૩૮૭, ખાતા નં.૨૭૫, જેનું ક્ષેત્રફળ હે.આરે. ૦–૨૦–૪૬ ચો.મી., આકાર રૂા.૦.૯૦ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીનના **(૧) સુખદેવીબેન મનુભાઈ પટેલ (૨) ઉર્મિલાબેન અમરતભાઈ પટેલ તે સુરેશ પટેલના પત્ની (૩) જયેશભાઈ અમરતભાઈ પટેલ (૪) રંજનબેન અમરતભાઈ પટેલ તે સુરેશભાઈ પટેલના પત્ની (૫) અશ્વિન્તા ગીરીશભાઈ પટેલ (૬) જીતેન્દ્રકુમાર મગનભાઈ પટેલ (૭) નીતેષકુમાર ગીરીશભાઈ પટેલ (૮) રેશમાબેન ગીરીશભાઈ પટેલ તે મનીષ પટેલની પત્ની**નાઓની સંયુકત માલિક, મુખત્યાર, કબજેદાર ચાલી આવેલ હોવાનું જણાવી તેમજ સદરહુ જમીન કોઈપણ વ્યકિત, બેંક, સંસ્થા પાસે ગીરો કે મોર્ગેજમાં મુકેલ નથી કે સદરહુ જમીન ઉપર કોઈ લીયન કે કરજ ઉભુ કરેલ નથી કે અન્ય કોઈને વેચાણ આપવાનું નકકી કરેલ નથી તેમજ સદરહુ જમીનમાં અન્ય કોઈ વ્યકિત, સંસ્થા, બેંક, હીસ્સેદાર, દાવેદાર નથી કે તે અંગેના કોઈ લખાણો કે કરારો કરેલ નથી તેવુ જણાવી સદરહુ જમીન હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. તેમ છતાં સદરહુ જમીન ઉપર બેંક, સંસ્થા, વ્યકિત યા હરકોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હીત, હીસ્સો, બોજો, દરદાવો, સાટાખત, બાનાખત હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૭ માં હમોને લેખિત પુરાવા સહિત રૂબરૂ મળવુ. મુદ્દત વિત્યે કોઈના કોઈપણ જાતના હકકો નથી અને જો હોય તો તે છોડી દીધા યાને વેવ કરેલ છે તેમ ગણી હમારા અસીલ ઉપરોકત જમીનનો પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર–તકરાર ચાલશે નહીં. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

સ્થળ : ૫૦૪, આઈકોન બીલ્ડીંગ,
પીપલોદ, સુરત.
મો.૯૯૭૪૭ ૭૧૦૦૦

જોનસન ઈજારદાર
તે ખરીદનારના એડવોકેટ

વેચાણ અંગે ટાઈટલ ક્લીયરન્સની જાહેર નોટીસ

આથી લાગતા–વળગતા તમામને આ જાહેર નોટીસ દ્રારા જાણ કરી જણાવવામાં આવે છે કે, ડીસ્ટ્રીકટ : સુરત, સબ–ડીસ્ટ્રીકટ તાલુકે : ઓલપાડનાં મોજે **ગામઃ સીથાણા**નાં ખાતા નંબર : ૨૩૪, જેનો રે.સર્વે નંબર : ૨૨/૨/બ, ૨૩/૨, ૨૩/૩, ૨૩/૪, ૨૩/૫, ૨૩/૬, જેનો **બ્લોક નંબર : ૩૫/૧** વાળી ટાઈટલ કલીયર ખેતીની જમીન, જેનું કુલ સુમારે ક્ષેત્રફળ **હે.આરે. ૦–૩૨–૩૭.૫૦ ચો.મી.** ખેતીની જમીન, જેનો આકાર રૂા.૪–૩૩ પૈસાવાળી ટાઈટલ કલીયર ખેતીની જમીન **(૧) ભારતીબેન કિરીટભાઈ પટેલ,(૨) વૈશાલીબેન પ્રદિપકુમાર પટેલ તે કિરીટભાઈ ઉત્તમભાઈની પુત્રી (૩) રોહિણીબેન યતીનભાઈ પટેલ તે કિરીટભાઈ ઉત્તમભાઈની પુત્રી (૪) અનિલકુમાર કિરીટભાઈ પટેલ (૫) દિપીકાબેન કેતનભાઈ પટેલ તે કિરીટભાઈ ઉત્તમભાઈની પુત્રીની** સંયુકત કુટુંબની માલીકી તથા **બ્લોક નંબર : ૩૫/૨** વાળી ટાઈટલ કલીયર ખેતીની જમીન, જેનું કુલ સુમારે ક્ષેત્રફળ **હે.આરે. ૦–૩૨–૩૭.૫૦ ચો.મી.** ખેતીની જમીન, જેનો આકાર રૂા.૪–૩૩ પૈસા વાળી ટાઈટલ કલીયર ખેતીની **જમીન હર્ષદભાઈ ઉત્તમભાઈ પટેલની** સ્વતંત્ર માલીકી તથા **બ્લોક નંબર : ૩૫/3** વાળી ટાઈટલ કલીયર ખેતીની જમીન, જેનું કુલ સુમારે ક્ષેત્રફળ **હે.આરે. ૦–૩૨–૩૭.૫૦ ચો.મી.** ખેતીની જમીન, જેનો આકાર રૂા.૪–૩૩ પૈસા વાળી ટાઈટલ કલીયર ખેતીની જમીન **રાજેન્દ્રભાઈ ઉત્તમભાઈ પટેલની** સ્વતંત્ર માલીકી, કબજા, ભોગવટા, વહીવટ, વ્યવસ્થાની ચાલી આવેલી હોવાનું તથા તમામ પ્રકારનાં ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવાનું જણાવીને મારા અસીલોને વેચાણ કરવા માંગે છે. સદરહુ જમીન–મીલકતમાં કોઈપણ વ્યકિત, વંશવાલી, વારસદારો, બેંક, ટ્રસ્ટ/સંસ્થાનો કોઈપણ પ્રકારનો વાંધો– વિરોધ, લાગભાગ, કબજા હકક, વેચાણ હકક, માલીકી હકક, હીત, અધીકાર, સબધં, કે દાવો, બોજો, લીયન, ધીરાણ, મોર્ગેજ, કરજ, ગીરો હકક, ભાડા હકક, સાટાખત હકક, ઈઝમેન્ટ હકક, વપરાશી હકક, અલાખો કે લીયન હોય, તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૭માં લેખીત પુરાવાઓ લઈ મને મળવું. મુદત વિત્યાબાદ કોઈનો કશા પ્રકારનો કાયદેસરનો વાંધો– વિરોધ, તરતકરાર, લાગભાગ, હકક, હીત, અધિકાર નથી, અથવા કબજા હકક, વેચાણ હકક, હીત, અધીકાર રાજીખુશીથી જમીન–માલીકોની તરફેણમાં જતો(વેવ) કરેલ છે, તેમ માની મુળ જમીન માલીકોને નકકી કરેલ પુરેપુરો વેચાણ અવેજ ચુકવણી કરીને, સદરહુ જમીનનો પાકો વેચાણ દસ્તાવેજ મારા અસીલોનાં નામે કરી–કરાવી લેવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર/તકરાર, વાંધો– વિરોધ, દાવા–દુવી ચાલશે નહી. જેની સ્પષ્ટ નોંધ લેવી.

લિ. ભારતીબેન કિરીટભાઈ પટેલ વિગેરે

મારી મારફતઃ
બી. કે. રાબડીયા – એડવોકેટ
સંજય જે. ગોલકીયા – એડવોકેટ

ઓફિસઃ સાક્ષી હાઉસ,
જીવનધારા હોટલ સામે,
ગીતાંજલી, વરાછા રોડ, સુરત.
મો.૯૯૨૫૦ ૧૫૨૧૫

જાહેર નોટીસ

આથી અમારા અસીલની સુચનાથી આ જાહેર નોટીસથી જણાવવાનું કે નવસારી જીલ્લાના જલાલપોર તાલુકાના મોજેઃ સીમલક ગામના ખાતા નં.૫૮૭, રી.બ્લોક નં.૧૦૩ (જુનો બ્લોક નં.૭૫), હે.આરે. ૦.૭૩.૧૭.૫૦ પ્ર.આ. પશ્ચિમ દિશા તરફ વાળી જુની શરતની ખેતીની જમીન કાંતીલાલ નાનુભાઈ પટેલનાઓના સ્વતંત્ર નામે અને કબજા ભોગવટામાં ચાલી આવેલ છે. સદર ખેતીની જમીન અમારા અસીલ તેમની પાસેથી વેચાણ લેનાર છે.સદર જમીન સ્પષ્ટ અને ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું વેચાણ આપનારે જણાવેલ છે.

આ જમીનમાં કોઈપણ વ્યકિત, સંસ્થા, મંડળી, નાંણાકીય સંસ્થા કે બેંક કે અન્ય કોઈ સરકાર-અર્ધ સરકારી ખાતાના કોઈના કોઈપણ જાતના લાગભાગ, હકક, હિસ્સા, બોજા, લોન, હિત, સંબંધ, અધિકાર, દાવા-દુવીના પ્રકરણો પહોંચતા હોય તેવી વ્યકિત, સંસ્થા યા બેંકે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં લેખિત પુરાવા સહિત અમો નીચે સહી કરનારાને લેખિતમાં જાણ કરવી. મુદત વિત્યે સદરહું જમીનમાં કોઈના કોઈપણ પ્રકારના લાગભાગ, હિત,હકક, સંબંધ, અધિકાર યા બોજો, લોન નથી અને હોય તો જતાં કરેલાનું માની લઈ સદરહું જમીનનું ટાઈટલ કલીયર માની અમારા અસીલ પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને પાછળથી કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી જેની સ્પષ્ટ નોંધ લેશો.

ઓફિસઃ- પિંજારા સ્ટ્રીટ, પાંચ
હાટડી, નવસારી.
મો.નં. ૮૩૨૦૫૬૫૪૫૪

અશોકકુમાર જી. સૈરૈયા તે
ખરીદનારના એડવોકેટશ્રી

જાહેર નોટીસ

આથી અમારા અસીલની સુચનાથી આ જાહેર નોટીસથી જણાવવાનું કે નવસારી જીલ્લાના જલાલપોર તાલુકાના મોજેઃ સીમલક ગામના ખાતા નં.૧૯૯, રી.બ્લોક નં.૯૮ (જુનો બ્લોક નં.૭૩), હે.આરે. ૦.૮૨.૩૯ પ્ર.આ. વાળી જુની શરતની ખેતીની જમીન (૧) ગુણવંતરાય ભીખાભાઈ પટેલ, (૨) પ્રકાસચંદ્ર ભીખાભાઈ પટેલ, (૩) ગંગાબેન ભીખાભાઈ પટેલ, (૪) હર્ષદભાઈ વનમાળીભાઈ તથા (૫) ભારતીબેન વનમાળીભાઈનાઓના સંયુકત નામે અને કબજા ભોગવટામાં ચાલી આવેલ છે. સદર ખેતીની જમીન અમારા અસીલ તેમની પાસેથી વેચાણ લેનાર છે.સદર જમીન સ્પષ્ટ અને ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું વેચાણ આપનારે જણાવેલ છે.

આ જમીનમાં કોઈપણ વ્યકિત, સંસ્થા, મંડળી, નાંણાકીય સંસ્થા કે બેંક કે અન્ય કોઈ સરકાર-અર્ધ સરકારી ખાતાના કોઈના કોઈપણ જાતના લાગભાગ, હકક, હિસ્સા, બોજા, લોન, હિત, સંબંધ, અધિકાર, દાવા-દુવીના પ્રકરણો પહોંચતા હોય તેવી વ્યકિત, સંસ્થા યા બેંકે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં લેખિત પુરાવા સહિત અમો નીચે સહી કરનારાને લેખિતમાં જાણ કરવી. મુદત વિત્યે સદરહું જમીનમાં કોઈના કોઈપણ પ્રકારના લાગભાગ, હિત,હકક, સંબંધ, અધિકાર યા બોજો, લોન નથી અને હોય તો જતાં કરેલાનું માની લઈ સદરહું જમીનનું ટાઈટલ કલીયર માની અમારા અસીલ પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને પાછળથી કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી જેની સ્પષ્ટ નોંધ લેશો.

ઓફિસઃ- પિંજારા સ્ટ્રીટ, પાંચ
હાટડી, નવસારી.
મો.નં. ૮૩૨૦૫૬૫૪૫૪

અશોકકુમાર જી. સૈરૈયા તે
ખરીદનારના એડવોકેટશ્રી

જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીકટ સીટી સબડિસ્ટ્રીકટ શહેર સુરતના તાલુકા મજુરા ના મોજે સગરામપુરા વિસ્તારમાં આવેલ સીટી સર્વે વોર્ડ નં. ૨ સીટી સર્વે નોંધ નં. ૧૯૫૫ પૈકીથી નોંધાયેલી જમીન ઉપર બાંધવામાં આવેલ ''કૈલાશનગર કો.ઓ.હા.સો.લિ.'' નામથી ગુજરાત હાઉસીંગ બોર્ડમાં રજી. નં. ઘ-૫૨૧૬ થી તા.૦૩/૧૨/૧૯૭૩ ના રોજ નોંધાયેલ સોસાયટીમાં ભોયતળીયે આવેલ ફ્લેટ નં. બી/૨ વાળી મિલકત સભ્ય શ્રી અતુલ ચંદ્રકાંત ભટ્ટ(મઢવી) નામે ધરાવે છે. તેઓને સોસાયટી દ્વારા કુલ શેર નંગ ૫(પાંચ) થી શેર સર્ટીફીકેટ નં. ૪૬૬ થી ૪૭૦ ઇશ્યુ કરેલ છે. જે શેર સર્ટીફીકેટ અતુલ ચંદ્રકાંત ભટ્ટ(મઢવી) થી ગુમ/ ગેરવલ્લે થયેલ છે. જે ગુમ/ગેરવલ્લે થયેલ શેર સર્ટીફીકેટ ડુપ્લીકેટ મેળવવા શ્રી અતુલ ચંદ્રકાંત ભટ્ટ(મઢવી)એ અરજી કરેલ છે. ઉપરોક્ત ગેરવલ્લે થયેલ શેર સર્ટીફીકેટ પર કોઇપણ વ્યક્તિ, સંસ્થા, બેંક કે અન્ય કોઇપણ પ્રકારનો હક્ક, મોર્ગેજ લઇ ધિરાણ કરેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૭ માં સોસાયટીના પ્રમુખશ્રી કૈલાશનગર કો. ઓ. હા. સો. લિ., સગરામપુરા, સુરત સીટી, સુરત ના મુકામે લેખિતમાં જાણ કરવી. મુદ્દત વિત્યે સોસાયટી દ્વારા અતુલ ચંદ્રકાંત ભટ્ટ(મઢવી) ને ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ ઇશ્યુ કરી આપવામાં આવશે. ત્યારબાદ કોઇપણ વ્યક્તિ કે સંસ્થાનો હક્ક સોસાયટી માન્ય રાખશે નહીં તેમજ સોસાયટી જવાબદાર રહેશે નહીં. જેની આથી સર્વેએ નોંધ લેવી.

હેમંત એમ. પટેલ તથા **તુષાર પી. પ્રજાપતિ**
એડવોકેટ એન્ડ નોટરી એડવોકેટ
તે કૈલાસનગર કો.ઓ.હા.સો.લિ. નાં એડવોકેટસ્
ઓફીસઃ ૧૧૦, ૧૧૦/એ, શિવકૃપા એપાર્ટમેન્ટ, રામનગર, રાંદેર રોડ, સુરત
મો.નં. ૯૮૨૪૩ ૯૨૯૩૧, ૯૭૨૫૧ ૦૯૧૨૫

મોજે કુંકણી ના રેવન્યુ બ્લોક નંબર–૧૮૫ વાળી જમીનની વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી સર્વેને લાગતા વળગતાને જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ, સબ–ડીસ્ટ્રીકટ ઓલપાડ ના **મોજે કુંકણી** ના રેવન્યુ સર્વે નં–૮૭/૨+૩, ૮૭/૧, ૮૮/૧+૨ ના **રેવન્યુ બ્લોક નં–૧૮૫** વાળી જુની શરતની પિયત જમીન જેનું **ક્ષેત્રફળ ૨–૧૦–૦૫ હે.આરે.ચો.મી.** જમીન જેનો આકાર રૂા.૨૮.૩૧ પૈસા છે તે ખેતીની જમીન **(૧) વિજય પ્રવિણભાઈ કળથીયા (૨) જીગ્નેશ પ્રવિણભાઈ કળથીયા (૩) નીરવ ચંદુલાલ માણીયા (૪) જયેશ ગોવિંદભાઈ બલર (૫) વિજય પરસોતમભાઈ વઘાસીયા (૬) મનીષાબેન નીકુંજભાઈ સવાણી**ઓની સંયુકત માલીકી પ્રત્યક્ષ કબજા ભોગવટા, વહીવટી, વ્યવસ્થા, જાતખેડની ચાલી આવેલી હોવાનું જણાવી સદરહુ જમીનના તમામ ટાઈટલ કલીયર અને ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલ સાથે તમામ બોજા મુકત જણાવી અમારા અસીલને સદરહુ જમીન વેચાણથી આપવા નકકી કરેલ છે અને અમોના અસીલ કનેથી બાનાની રકમ પણ સ્વીકારેલ છે. જેથી સદરહુ જમીન અંગે જે કોઈ ઈસમ, સંસ્થા કે કોઈનો કોઈપણ પ્રકારનો કબજો ભોગવટો હોય કે હકક, હિત, હિસ્સો કે વારસાઈ હિસ્સો કે દરદાવો, લખાણો, કરારો, સાટાખત વિગેરે હોય કે રસ્તા અંગે યા ઈઝમેન્ટ રાઈટસ, લીયન, ચાર્જ, લેણા યા બોજા હોય કે તર–તકરાર હોય તો તેવી વ્યકિત, ઈસમ સંસ્થાઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન–૭** માં જરૂરી દસ્તાવેજી પુરાવા સહીત અમોને નીચે જણાવેલ સરનામે રૂબરૂ મળી ખાતરી કરાવી જવી. જો તેમ કરવામાં કસુર યા ચુક થશે તો સદરહુ જમીનમાં કોઈના કોઈપણ પ્રકારના હકક, હિત, સબંધ યા અધિકાર નથી કે તર–તકરાર નથી અને હોય તો તે જતા યાને વેવ કર્યા છે તેમ માની અમારા અસીલ મુદત વિત્યેથી સદરહુ જમીનનો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈપણ વ્યકિત સંસ્થાની કોઈપણ પ્રકારની તર–તકરાર કે વાંધા–વચકાં ચાલશે નહી. જેની જાહેર જનતાએ, હરકોઈ ઈસમ, સંસ્થાએ તથા લાગતા વળગતાએ નોંધ લેવી.

તા.૨૭/૧૦/૨૦૨૬
ઓફીસ : ૧૦૩, મોર્ડન શોપી, વિજય ડેરીની સામે,
પાલનપુર પાટીયા, રાંદેર રોડ, સુરત.

મયંક પી. પટેલ
તે ખરીદનારના એડવોકેટ

વેચાણ અંગે ટાઈટલ ક્લીયરન્સની જાહેર નોટીસ

આથી લાગતા–વળગતા તમામને આ જાહેર નોટીસ દ્રારા જાણ કરી જણાવવામાં આવે છે કે, ડીસ્ટ્રીકટ : સુરત, સબ–ડીસ્ટ્રીકટ તાલુકે : ઓલપાડનાં મોજે : **સાંધીયેર**નાં ખાતા નંબર : ૨૧૯૪, રે.સર્વે નંબર : ૩૯૦/૨, જેનો બ્લોક નંબર : ૬૧૯/૨ વાળી જુની શરતની ટાઈટલ કલીયર ખેતીની પિયત જમીન, જેનું કુલ સુમારે ક્ષેત્રફળ હે.આરે. ૦–૫૯–૪૫ ચો.મી. જુની શરતની ખેતીની જમીન, જેનો આકાર રૂા.૮–૬૬ પૈસાવાળી જુની શરતની ટાઈટલ કલીયર ખેતીની પિયત જમીન **અનિલભાઈ હરિભાઈ ચલુડીયા**ની સ્વતંત્ર માલીકી, કબજા, ભોગવટા, વહીવટ, વ્યવસ્થાની ચાલી આવેલી હોવાનું તથા તમામ પ્રકારનાં ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવાનું જણાવીને મારા અસીલોને વેચાણ કરવા માંગે છે. સદરહુ જમીન–મીલકતમાં કોઈપણ વ્યકિત, વંશવાલી, વારસદારો, બેંક, ટ્રસ્ટ/સંસ્થાનો કોઈપણ પ્રકારનો વાંધો– વિરોધ, લાગભાગ, કબજા હકક, વેચાણ હકક, માલીકી હકક, હીત, અધીકાર, સબધં, કે દાવો, બોજો, લીયન, ધીરાણ, મોર્ગેજ, કરજ, ગીરો હકક, ભાડા હકક, સાટાખત હકક, ઈઝમેન્ટ હકક, વપરાશી હકક, અલાખો કે લીયન હોય, તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૭માં લેખીત પુરાવાઓ લઈ મને મળવું. મુદત વિત્યાબાદ કોઈનો કશા પ્રકારનો કાયદેસરનો વાંધો– વિરોધ, તરતકરાર, લાગભાગ, હકક, હીત, અધિકાર નથી, અથવા કબજા હકક, વેચાણ હકક, હીત, અધીકાર રાજીખુશીથી જમીન–માલીકોની તરફેણમાં જતો(વેવ) કરેલ છે, તેમ માની મુળ જમીન માલીકોને નકકી કરેલ પુરેપુરો વેચાણ અવેજ ચુકવણી કરીને, સદરહુ જમીનનો પાકો વેચાણ દસ્તાવેજ મારા અસીલોનાં નામે કરી–કરાવી લેવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર/તકરાર, વાંધો– વિરોધ, દાવા–દુવી ચાલશે નહી. જેની સ્પષ્ટ નોંધ લેવી.

લિ. અનિલભાઈ હરિભાઈ ચલુડીયા

મારી મારફતઃ
બી. કે. રાબડીયા – એડવોકેટ
સંજય જે. ગોલકીયા – એડવોકેટ

ઓફિસઃ સાક્ષી હાઉસ,
જીવનધારા હોટલ સામે,
ગીતાંજલી, વરાછા રોડ, સુરત.
મો.૯૯૨૫૦ ૧૫૨૧૫

: જાહેર ચેતવણી :

શહેર સુરતના મોજે ગામ : ભરથાણા-વેસુ, જુના રે.સ.નં.૫૦/૧, બ્લોક નં.૧૪૮/બ, ટી.પી.સ્કીમ નં.૬૫ (ભરથાણા-વેસુ-અલથાણ), ફાયનલ પ્લોટ નં.૩૦, ક્ષેત્રફળ ૧૨૭૫ ચો.મી. વાળી બિનખેતીની જમીન તેના માલિક (૧) પાયલ વિશાલ ગાંધી, રહેવાસીઃ સુઆશિષ બંગલો, અંજનશલાખાની પાછળ, અઠવાલાઈન્સ, સુરત. (૨) સંકેત યોગેશ ગાંધી, રહેવાસીઃ ૨૦૨-૨૦૩, તહાની હાઈટસ, નેપીયન્સી રોડ, મુંબઈ, મહારાષ્ટ્ર. ૪૦૦૦૦૧ નાઓએ (૧) સેન્ચ્યુરીયન બિલ્ડકોન એક ભાગીદારી પેઢી, ઠે.:ટી.પી.સ્કીમ નં.૬૫ (ભરથાણા-વેસુ- અલાથણ), ફા.પ્લોટ નં.૩૦૪ જી.ડી. ગોયેન્કા સ્કુલની પાછળ, ભરથાણા-વેસુ, સુરત. (૨) સહદેવભાઈ મોહનભાઈ પરડવા પોતે જાતે તથા સેન્ચ્યુરીયન બિલ્ડકોન એક ભાગીદારી પેઢીના ભાગીદાર તરીકે, રહેવાસી : ૪૫, પરીબ્રહમા સોસાયટી- ૨, રાંદેર રોડ, સુરત. (૩) લલ્લુભાઈ મગનભાઈ હડીયા પોતે જાતે તથા સેન્ચ્યુરીયન બિલ્ડકોન એક ભાગીદારી પેઢીના ભાગીદાર તરીકે, રહેવાસીઃ ૨૨૯, કોમલ પાર્ક સોસાયટી, એલએચ રોડ, વરાછા, સુરત. (૪) ભવદીપભાઈ અમિતભાઈ શાહ પોતે જાતે તથા સેન્ચ્યુરીયન બિલ્ડકોન એક ભાગીદારી પેઢીના ભાગીદાર તરીકે, રહેવાસીઃ ગ્રાઉન્ડ ફ્લોર, રવિજ્યોત એપાર્ટમેન્ટ, અઠવાલાઈન્સ, સુરત, નાઓને રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૨૨૭૩, તાઃ૨૦/૦૨/૨૦૨૪ ના રોજથી વેચાણ આપેલ છે. જે વેચાણ દસ્તાવેજમાં ચેકો દર્શાવેલ હતા તે ચેકો રીર્ટન થયેલ જેના કારણે વેચાણ વ્યવહાર રદ પ્રકારનો છે. આમ, વેચાણ આપનારાઓને વેચાણ અવેજ પ્રાપ્ત થયેલ નથી. જેથી વેચાણ દસ્તાવેજ મુળેથી રદ (Void) પ્રકારનો છે. જે માટે મહે.સુરતના પ્રિન્સીપલ સીનીયર સીવીલ જડજ સાહેબની કોર્ટ સમક્ષ સ્પેશ્યલ દિવાની મુકદમાં નંબરઃ ૯૬/૨૦૨૫ દાખલ કરેલ છે જે હાલ પેન્ડીંગ છે. જે દાવા સંદર્ભે સબ-રજીસ્ટ્રાર કચેરીમાં લીસ પેન્ડન્સ પણ અનુક્રમ નં.૯૫૪૮, તાઃ૨૨/૦૭/૨૦૨૫ થી નોંધાવેલ છે. હાલ ઉપરોકત જમીન ઉપર પ્રોજેકટનું આયોજન કરવામાં આવેલ છે, જો સદર પ્રોજેકટમાં હરકોઈએ કોઈપણ પ્રકારના ગીરો/વેચાણ કે અન્ય કોઈપણ પ્રકારના વ્યવહાર કરશે તો તકરાર સિવાય કંઈ પ્રાપ્ત થશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

અમારી મારફત
દિનેશચંદ્ર એન. ઉપાધ્યાય એસોસિએટ્સ

ઠે. ૩૦, મહેક બંગલો, વી.ટી. ચોકસી
લો-કોલેજની બાજુની ગલીમા,
પાર્લે પોઈન્ટ, સુરત.
તા. ૨૭/૧૦/૨૦૨૬

પ્રણવ ડી. ઉપાધ્યાય
ધવલ ડી. ઉપાધ્યાય
એડવોકેટ્સ

ખેતીની જમીનની વેચાણ અંગેની જાહેર નોટીશ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીશ આપી જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીકટ ઓલપાડ સબડીસ્ટ્રીકટના મોજે ગામ વિહારાના બ્લોક નં.૧૦૪, જેનું કુલ ક્ષેત્રફળ હે.૦–૯૩–૦૮ આરે ચો.મી. જેના આકાર રૂા.૧૨.૦૦ પૈસાવાળી ખેડખાતાની ખેતીની જુની શરતની જમીન મીનાક્ષીબેન છીતુભાઈ તે રતીલાલની પત્ની,મુકેશભાઈ છીતુભાઈ તથા પ્રવિણભાઈ છીતુભાઈનાં સંયુકત નામે ચાલી આવેલ હોવાનું જણાવી તેઓએ સદરહું જમીન મારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે.સબબ,સદરહું જમીનમાં કોઈપણ વ્યકિત કે સંસ્થા/બેંકના કોઈપણ જાતના લાગભાગ,હકક,હીત સંબંધ, દર–દાવાદુવીના પ્રકરણો, ચાર્જ,બોજા યા ખોરાકી પોષાકીના હકક,અધિકાર હોય તો તેવી બેંક ,વ્યકિત કે સંસ્થાઓએ આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન–૭ માં લેખિત પુરાવાઓ સહિત અમો નીચે સહી કરનારને રૂબરૂ મળવું.જો તેમ કરવા કસુર યા ચુક થશે તો,સદરહું જમીનોમાં કોઈના કોઈપણ પ્રકાર નાં લાગભાગ, હકક,અધિકાર યા ખોરાકી પોષાકીના હકક અધિકાર નથી યા હોય તો વેઈવ યાને જતા કરેલ છે.તેમ માની લઈ,અમારા અસીલ પાકા વેચાણ દસ્તાવેજ યા દસ્તાવેજો રજીસ્ટર્ડ કરી/કરાવી લેશે અને પાછળથી કોઈની કોઈપણ જાતની તર–તકરાર ચાલશે નહીં. જેની સ્પષ્ટ નોંધ લેશોજી.

ઓફીસ :– ૨/એ, વિશાલ રો હાઉસ,
પેટ્રોલ પંપની સામે, જહાંગીરપુરા, સુરત.
MO:- 9909241708

અતુલ આઈ. પટેલ
તે ખરીદનારના એડવોકેટ

-:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::-

નીચે પરિશિષ્ટમાં જણાવેલ જમીનોના માલિક (૧) અમૃતભાઈ પરસોત્તમભાઈ, (૨) સતિષભાઈ પરસોત્તમભાઈ, (૩) હંસાબેન ચંપકભાઈ પટેલ તે પરસોત્તમભાઈ છગનભાઈ પટેલની દીકરી, (૪) અનિતાબેન જીજ્ઞેશભાઈ પટેલ અને (૫) પીનલબેન કૃણાલભાઈ પટેલ નાઓએ સદરહુ જમીનો પોતાની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટા, વહીવટવાળી હોવાનું જણાવી સદરહુ જમીનો હમારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે. સદરહુ જમીનો અંગે કોઈનો કોઈ પણ જાતનો હક્ક, હિત, સંબંધ, લાગ-ભાગ, દાવો, લીયન, બોજો કે ભરણ-પોષણના હક્કો કે ઈઝમેન્ટના હક્કો કે અન્ય કોઈ હક્કો હોય તો તે અંગેના દસ્તાવેજી પુરાવા સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન - ૭ ની મુદતમાં અમોને લેખિતમાં પુરાવા સહિત જાણ કરવી. આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન- ૭માં કોઈ પણ વ્યક્તિ, બેંક, સોસાયટી યા નાણાકીય સંસ્થા વિગેરેએ પોતાના હક્કો કે બોજા અંગે હમોને લેખિતમાં જાણ નહીં કરે તો સદરહુ જમીનોમાં કોઈનો કોઈ પણ પ્રકારનો કોઈ લાગ, ભાગ, હક્ક, હિત, બોજો નહીં હોવાનું અથવા જો હોય તો છોડી દીધા હોવાનું અનુમાન કરી હમારા અસીલ સદરહુ જમીનો અંગે પાકા રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજો મજકુર જમીનના માલિકો પાસેથી કરાવી લેશે. ત્યાર બાદ સદરહુ જમીનો અંગેના કોઈ પણ પ્રકારના હક્ક, દાવા કે વાંધાઓ કે તર-તકરાર ચાલશે નહીં, જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

-:: પરિશિષ્ટ - જમીનોની વિગત ::-

ડિસ્ટ્રીક્ટ : સુરત, સબ ડિસ્ટ્રીક્ટ : મજૂરાના મોજે ગામ : ગવિયરના નીચે જણાવેલ બ્લોક / સર્વે નંબરવાળી જમીનો.

સર્વે / બ્લોક નં.	ક્ષેત્રફળ (ચો.મી.)	આકાર (રૂા. પૈસા)	સત્તા પ્રકાર
૧૩૬	૧૩૧૫-૦૦	૨-૬૬	જૂની શરત
૧૭૩	૩૦૪-૦૦	૦-૬૨	જૂની શરત

મિતેષ એન. જરીવાલા તે ખરીદનારના એડવોકેટ
ઠેકાણું : ૬૦૭, છઠ્ઠો માળ, ધી સીટાડેલ,
કેબલ બ્રિજની બાજુમાં, અડાજણ, સુરત. મો. ૯૮૨૫૧-૩૩૯૧૪.

-:- વેચાણ અંગેની જાહેર નોટીસ -:-

સુરત ડીસ્ટ્રીક્ટ, સબ-ડીસ્ટ્રીક્ટ તાલુકા - ઉધના **મોજે ગામ : આંજણા** ના **રે.સ.નં. ૨૯/૧, જેનો ટી. પી. સ્કીમ નં. ૭, ફાયનલ પ્લોટ નંબર : ૧૭૪** વાળી બિનખેતીની જમીનમાં પાડેલા પ્લોટો ઉપર આવાસો બાંધવામાં આવેલ છે જે **''એમ. બી. નગર''** સોસાયટીના નામથી ઓળખાય છે તે આવાસો પૈકી **આવાસ નંબર : ૨૧** વાળી મિલકત જેનું ક્ષેત્રફળ ૪૯.૮૧ ચો.મી. જમીન અને તેની પર આવેલ બાંધકામ જેનું બીલ્ટઅપ એરીયાનું કુલ્લે ક્ષેત્રફળ ૧૨૩.૩૮ ચો.મીટર છે તે બાંધકામ સહિતની મિલકત તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હક્કો સહિત દરોબસ્તના એકલા, સ્વતંત્ર સંપુર્ણ માલીક મુખત્યાર **જીતેન્દ્રભાઇ વિરમભાઇ પટેલ** જાતના : હિન્દુ, ઉ.આ.વ. : ૪૯, ધંધો : વેપાર, રહેવાસી : બી-૧૦૪, ક્રિષ્ના પાર્ક એપાર્ટમેન્ટ, ભાઠેના, આંજણા, સુરતનાની માલિકી, પ્રત્યક્ષ કબજા હેઠળની ચોખ્ખા અને માર્કેટેબલ ટાઇટલ હોવાનું જણાવી અમારા અસીલને કિંમતી અવેજ બદલ વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી સદરહુ મિલકતમાં કોઇપણ વ્યકિત કે સંસ્થાનું કોઇપણ પ્રકારના હક્કો, હિસ્સો કે હિતસંબંધ કે વેચાણ રાખવાના હક્ક કે અધિકાર હોય કે કોઇનો ભરણ પોષણ કે આજીવન રહેવાનો કે ઇઝમેન્ટનો હક્ક કે અન્ય કોઇ હક્કો હોય કે કોઇપણ બેંક, સહકારી મંડળી કે ફાયનાન્સીયલ ઇન્સ્ટીટયુટનો બોજો હોય તે તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિન-૭ (સાત)** માં હમોને કાયદામાં ગ્રાહ્ય પુરાવા સહિત લેખિતમાં રૂબરૂ મળવું, જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદ્દત વિત્યે સદરહુ મિલકતમાં કોઇપણ વ્યક્તિ કે સંસ્થાનો કોઇપણ પકારનો હક્ક કે અધિકાર નથી અને હોય તો તે જતો કર્યો યાને છોડી દીધેલ યાને વેવ કરી દીધેલો છે, તેમ માની અમારા અસીલ સદરહુ મિલકતનો કાયદેસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. જેની લાગતા વળગતા તથા જાહેર જનતા તમામે નોંધ લેવી.

ઓફીસ :- ૬૦૨, વેલેન્ટીના બીઝનેશ
હબ, શેલ પેટ્રોલ પંપની બાજુમાં, એલ.પી.
સવાણી રોડ, અડાજણ,સુરત.
મો.નં. ૯૮૨૫૧-૪૩૮૭૪

સમીર આર. બાજપાઇ
(એડવોકેટ એન્ડ નોટરી)
તે ખરીદનારના એડવોકેટ

મોજે ડુમસ : ૭૭૭

સુરત ડિસ્ટ્રીકટ તાલુકો મજુરા ગામ ડુમસ ના રે.સર્વે નં/ બ્લોક નં : ૭૭૭ જેનું કુલ્લે ક્ષેત્રફળ ૦-૮૪-૯૮ વાળી બિનખેતી ની જમીન હમારા અસીલ દીપકભાઈ મહેતા એ એડવોકેટ શ્રી બક્ષી સાહેબ હસ્તક ગૌરંગભાઈ પ્રમોદચંદ ઉપાધ્યાય તથા દિનેશભાઈ ચંદુલાલ (સરગમ ગ્રુપ) પાસેથી ૧૭ વર્ષ પહેલા ખૂબ જ મોટું પેમેન્ટ કરી આ ડુમસના સર્વે/બ્લોક નં : ૭૭૭ માં ૧૬.૬૬ નો વણ વહેચાયેલો હિસ્સો રાખેલો હતો. અને જે તે સમયે ડૉ. દિનેશભાઈ ચંદુલાલ શાહ તથા ગૌરંગભાઈ ઉપાધ્યાય એ સ્પાન ડેવલોપર્સ પ્રા.લિ. નામ ની કંપની બનાવેલ હતી

ગૌરંગભાઈ વર્ષો થી જમીન ની લે-વેચ નું કામ કરતાં આવેલા. તેમ છતાં આ જમીન હડપ કરી જવા માટે તેઓ એ રેવન્યુ રેકોડ પર કોળી પંચના ૫ સભ્યો ના નામ હોવા છતાં એક સભ્ય ના વારસદાર ભીખાભાઈ દયાળભાઈ ભગત પાસેથી તા. ૧૨/૧૨/૨૦૦૩ ના રોજ નો એક સાટાખાત બનાવી લીધો હતો. અને તે જ ખેડૂત પાસેથી ૬ મહિના બાદ તા. ૨૮/૬/૨૦૦૪ ના રોજ એક જ દિવસે ત્રણ ડોકઈયુમેન્ટો ઊભા કરેલ હતા. જેમાં ૧) કબજા રસીદ (૨) સાટાખાત (૩) ડેવલોપમેન્ટ કરાર આ ત્રણેય ડોકઈયુમેન્ટો માં નાણાં ચૂકવી દીધા છે. આટલા નાણાં બાકી છે. અને ખાલી જમીન ડેવલોપ કરવા લીધી છે. એવા લખાણો એક જ દિવસે શા માટે ઊભા કરેલા ?

ડુમસ ગામના દલાલો સંદિપ પટેલ વિ. નો કોન્ટેકટ ગૌરંગભાઈ ઉપાધ્યાય કરી નવું બોગસ કોળી પંચ આ લોકો સાથે ઊભું કરેલ અને ખોટા ખોટા ઠરાવો પાસ કરેલા. પંચ અંગેના જે ઠરાવો કરેલા તે આ કોળી પટેલ સમાજ ના લોકોના સગા વ્હાલા જ હતા. અને ડુમસ ગામ ના કોળી પટેલ સમાજ ના લોકો સાથે વિશ્વાસઘાટ સંદીપ પટેલ, મોહન ચીમન, મનુભાઈ મકન, રૂષિકેશ નાનાભાઈ, ધીરજ મૂળજી પટેલ વિ. સાથે મળી ગૌરંગભાઈ કરેલ છે. આ ઈસમો એ ગૌરંગભાઈ સાથે મળી બોગસ કોળી પંચ ઊભું કરી ફકત આ જમીન ના નાણાં ચાઉ કરી જવા માટે રેવન્યુ રેકોડ પર પોતાના નામો દાખલ કરાવી ગૌરંગભાઈ ઉપાધ્યાય તથા ડૉ. દિનેશભાઈ શાહ એ બનવેલ કંપની સ્પાન ડેવલોપર્સ પ્રા.લિ. નામનો વે.દસ્તાવેજ કરાવેલ આ જમીન જે તે સમયે N.A. પણ થઈ ન હોવાથી ગૌરંગભાઈ એ કંપની ના નામનો વેચાણ દસ્તાવેજ કરાવી પોતાના પર્સનલ નામો રેવન્યુ રેકોડ પર ચઢાવેલા હતા. હમારા અસીલ કનેથી નાણાકીય અવેજ મેળવ્યા બાદ સ્પાન ડેવલોપર્સ પ્રા.લિ. ના શેરો આપવાનું કીધેલ હતું. પરંતુ આજ દિન સુધી આપેલ નથી. અને જમીન જે સમયે વેચાણ કરીશ ત્યારે નફા સહિત તમોને નાણાં ની ચુકવણી કરીશ પરંતુ હમારા અસીલ ની જાણ બહાર તેઓ આ જમીન વેચાણ કરવા ફરી રહેલ છે. હમારા અસીલ ની જાણ માં આવેલ છે કે સદરહુ જમીન આગમ ડેવલોપર્સ ને વેચાણ થી આપેલ છે. જેથી હમારા અસિલે તેઓનો હક્ક હિત હિસ્સો માંગેલો તો ગૌરંગભાઈ મિટિંગો કરી ટાઈમપાસ કરતાં આવેલા છે. અને આગમ બિલ્ડર્સ ત્યાં જેસીબી મૂકી તથા પોતાના નામનો બોર્ડ લગાવી રહ્યા છે. જેથી હમારા અસીલ ડૉ.દિનેશભાઈ શાહ ગૌરંગભાઈ ઉપાધ્યાય તથા આ જમીન લેનાર વ્યકતી વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતા ની કલમ હેઠળ ક્રિમિનલ ફરિયાદ કરનાર છીએ તથા સિવિલ રાહે પણ નામદાર કોર્ટ માં સિવિલ દાવો દાખલ કરનાર છીએ. જે પણ ઈસમો આ જમીન વેચાણ થી રાખશે તેમણે તર-તકરાર સિવાય કઈ પણ મળશે નહીં. જેની લાગતાં વળગતા ઓએ નોંધ લેવી. હમારા અસીલ આ અંગે નાયબ મુખ્યમંત્રીશ્રી ના જનસંપર્ક કાર્યાલય ની કચેરી માં રૂબરૂ મળવા જનાર પણ છે.

આર્યન જીતેન્દ્ર વાકાંવાલા
એડવોકેટ
ઓફીસ : શ્રી ગેલેરીયા, ૪૨૮-૪૨૯, ચોથો માળ, સંજીવકુમાર ઓડીટોરીયમની બાજુમાં,
પાલ-અડાજણ, સુરત. મોઃ ૯૮૨૫૩-૨૪૯૭૮.